શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

સ્મૃતિ મહોત્સવ

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409

વર્ષ : ૧૬ અંક : ૦૧

જાન્યુઆરી : ૨૦૨૪

SGVP કેમ્પસ ભગવદ્‌ભક્તિની સાથે સાથે દેશભક્તિનું કેન્દ્ર રહ્યું છે. કેમ્પસમાં આવનારા ભક્તોના હૃદયમાં રાષ્ટ્રભક્તિનું ગૌરવ અનુભવાય તેવા હેતુથી દુનિયામાં ભારતનું નામ રોશન કરનાર ચંદ્રયાન - ૩ના પ્રતિકનું મહોત્સવના પ્રારંભે અનાવરણ થયું.

દુનિયાભરના વૈજ્ઞાનિકોને અચંબો પમાડનારી બ્રહ્મોસ મિસાઈલ ભારતનું ગૌરવ છે. જેના પ્રતિકનું કેમ્પસમાં સ્થાપન થયું. આ મિસાઈલ કેમ્પસમાં સદાય સૌને પ્રેરણા આપશે અને ગૌરવની અનુભૂતિ કરાવશે.

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૬, જાન્યુઆરી : ૨૦૨૪, અંક : ૦૧

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

અ નુ ક્ર મ ણિ કા

એક કાયમી સંભારણું	૦૪
૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ	૦૬
અખંડ ધૂન- ગૌપૂજન	૦૮
સર્વ રોગ નિદાન કેમ્પ - પ્રાકૃતિક ખેતી પ્રદર્શન	૦૯
ભવ્ય-દિવ્ય કળશયાત્રા	૧૦
ભવ્ય ઉદ્‌ઘાટન	૧૨
રાજ્યપાલશ્રીનું આગમન	૧૪
સાહિત્ય સમારોહ - ગ્રંથ વિમોચન	૧૬
સહસ્ત્ર કળશ મહાભિષેક	૧૮
'મોહનથી માધવ'ગ્રંથ વિમોચન	૨૦
વિશ્વશાંતિ સત્સંગ સત્ર ઉદ્‌ઘાટન	૧૮
ગ્રંથ વિમોચન સમારોહ	૨૦
ભારત ભાગ્ય વિધાતા - મહિલા મંચ	૨૨
સંત સંમેલન	૨૪
મુખ્યમંત્રીશ્રીનું આગમન	૨૬
સદ્‌ગુરુ વંદના- સમાપન સમારોહ	૨૭
ધર્માચાર્યશ્રીઓના આશીર્વાદ	૨૮
સ્વયંસેવકોની સેવા	૩૨
શ્રદ્ધાસુમન	૩૩

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

સ્મૃતિ મહોત્સવ

તા. 26 થી 31 ડિસેમ્બર, 2023 એક કાયમી સંભારણું

પરમ પૂજ્ય સદગુરુ પુરાણી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીનાં પુણ્ય સ્મરણમાં ઉજવાયેલ સ્મૃતિ મહોત્સવ કદાપિ ભૂલી નહીં શકાય.

જેવા પુરાણી સ્વામી, એવો જ આ સ્મૃતિ મહોત્સવ.

નિર્દંભપણું એ પુરાણી સ્વામીનો મુખ્ય સંતગુણ.

એવા જ નિર્દંભભાવથી ઉજવાયો આ મહા મહોત્સવ.

વચનામૃત જેવાં સત્શાસ્ત્રો કહે છે કે, 'આ પૃથ્વી ઉપર ભગવાન અને ભગવાનના સંતો સદાય વિચરણ કરતા જ હોય છે.'

પુરાણી સ્વામીના શબ્દોમાં, 'આપણી ચામડાંની આંખો વડે આપણે ભગવાન અને સંતને ઓળખી શકતા નથી, પરંતુ જો સાચા સંતનો યોગ થાય, એ સંતની વાત અંતરમાં મનાય, તો ભગવાન અને ભગવાનના સંત સદાય આપણી સાથે જ હોય છે.'

પુરાણી સ્વામી અક્ષરવાસી થયા તેને આગામી ચૈત્ર માસમાં બે વર્ષ પૂરા થશે, છતાં પણ આપણને સૌને આ સ્મૃતિ મહોત્સવમાં એવી અનુભૂતિ થઈ કે પુરાણી સ્વામી જેવા સંત આ મહોત્સવમાં પ્રાણ પૂરી રહ્યા છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના પ્રેરણાસભર વચનોને સંતોએ બરાબર ઝીલ્યા. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શનને સંતો અને યુવાનો સમર્પણભાવે અનુસર્યા.

સત્સંગ, સેવા, સમર્પણ અને સુહૃદભાવથી ઉજવાયો પુરાણી સ્વામીનો સ્મૃતિ મહોત્સવ.

તારીખ ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના વર્ષના આ અંતિમ પાંચ દિવસો આનંદ, ઉત્સાહ અને સેવાસભર સત્સંગમાં કેવી રીતે વીતી ગયા તેની કોઈને ખબર પણ ન રહી ! સંતો, યુવાન સેવાભાવી હરિભક્તો અને ખાસ કરીને મહિલા હરિભક્તો દ્વારા ખૂબ સેવાઓ થઈ. તેમાં પણ કળશયાત્રા અને સહસ્ર કળશ મહાભિષેક શિરમોડ રહ્યા.

સાત હજારથી વધારે બહેનોના મસ્તક પર સુશોભિત કળશમાં ભરેલાં તીર્થજળ તેમજ પોતપોતાના ઘરેથી લાવેલાં પવિત્ર જળની આ કળશયાત્રા જ્યારે S.G. હાઈવે ઉપર પસાર થઈ રહી હતી, ત્યારે દિવ્ય-

અલૌકિક-આધ્યાત્મિક વાતાવરણનાં સ્પંદનો સર્વત્ર ફેલાઈ રહ્યા.

સમગ્ર ભારતવર્ષના ૯૯૯ તીર્થોનાં જળની આ યાત્રાનું દર્શન જેણે જેણે કર્યું, તેમણે ધન્યતાનો અનુભવ કર્યો.

આ દિવ્ય દર્શન એ ખરેખર અલૌકિક એટલા માટે રહ્યું કે, તેમાં મહિમાપૂર્ણ ભક્તિભાવ ભરેલો હતો અને આ તીર્થજળ દ્વારા આપણા ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજનો દિવ્ય અભિષેક મારે હાથે કરવાનો છે, એવો મહિમાભાવ ધારણ કરીને સૌ આ ઉત્સવમાં પ્રથમ દિવસથી અત્યંત ઉત્સાહ સાથે જોડાયા હતા. આ સ્મૃતિ મહોત્સવ માટે પુરાણી સ્વામીનો ભૌતિક શરીરનો ત્યાગ એ એક નિમિત બન્યું હતું અને તેમની મુક્ત અવસ્થાની દિવ્ય ચેતનાએ આપણા સૌમાં અલૌકિક આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવી આપી.

યજ્ઞશાળાનું દર્શન કરીએ એટલે પુરાણી સ્વામીનાં સાક્ષાત દર્શન થાય. એવા ભાવથી સમર્પિત સેવાભાવી સેવકોએ દર્શનીય યજ્ઞશાળા નિર્માણ કરી હતી અને યજમાનોએ યજ્ઞ નારાયણને આહુતિઓ આપીને દિવ્ય લાભ લીધો.

પ્રતિદિન સવારે સૂર્યનારાયણની પૂજા કરવા માટે ગુરુવર્ય સ્વામીજીએ સૂર્યાર્ઘ્યવિધિ શાસ્ત્રીય રીતે કરાવી હતી. પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની સતત સક્રિય ભૂમિકા સૌના અંતરને સ્પર્શી જાય એ સ્વાભાવિક છે. યુવાન સંતોનું ટીમવર્ક અને પરમ ભગવદીય ગોવિંદભાઈ બારસિયા જેવા સમર્પિત ભક્તની આવડતભરી કલાકારીપૂર્ણ સેવાઓ આ મહોત્સવમાં વિશેષ રીતે દીપ્તિમાન બની રહે છે.

પરમ પૂજ્ય પુરાણી સ્વામીના અંતેવાસી સેવકો

પરમ ભગવદીય શ્રી વલ્લભભાઈ બાબરીયા તેમજ પરમ ભગવદીય શ્રી ધીરુભાઈ અસ્વાર અને પરમ ભગવદીય અક્ષર નિવાસી નિર્મળભાઈ ઠક્કરના પરિવારજનોએ આ સ્મૃતિ મહોત્સવમાં મુખ્ય યજમાન તરીકે લાભ લીધો તેમજ અન્ય અનેક ભક્તોએ વિવિધ આયોજનમાં યજમાન તરીકે તેમજ સહયજમાન તરીકે જોડાઈને અલૌકિક લ્હવો લીધો.

संस्कृत साहित्यनी प्रसिद्ध सुक्ति प्रमाणे

विद्या क्षयं गच्छति कालपर्यात्,
सुबद्धमूला निपतन्ति पादपाः ।
जलं जलस्थानगतं च शुष्टति,
हुतं च दत्तं च तथैव तिष्ठति ॥

સમયના અંતરે વિદ્યા વિસ્મૃત થાય છે, દ્રઢ મૂળિયાવાળાં વૃક્ષો પણ કાળાંતરે નાશ પામી જાય છે, પાણીના સ્રોત સમા મોટા મોટા સરોવરો પણ સૂકાઈ જાય છે, પરંતુ 'યજ્ઞમાં હોમેલું અને દાનમાં આપેલું સદાય ટકી રહે છે.'

એ ન્યાયે આ પુરાણી સ્વામીના સ્મૃતિ મહોત્સવમાં જેમણે જેમણે સેવાઓ કરી, જેમણે યજ્ઞમાં લાભ લીધો, જેમણે યજમાન તરીકે લાભ લીધો, સેવા સાથે સંતોના દર્શન, પ્રસાદ અને કથાવાર્તાનો જેમણે જેમણે લાભ લીધો છે, તે દરેક માટે આ મહોત્સવ આત્મકલ્યાણનું અલૌકિક દિવ્ય સંભારણું બની રહેશે. જ્યારે જ્યારે પુરાણી સ્વામીને સંભારીએ ત્યારે ત્યારે આ સ્મૃતિ મહોત્સવ પણ યાદ આવશે. આગામી અન્ય મહોત્સવોમાં લાભ લઈશું ત્યારે પણ આપણને પુરાણી સ્વામી હંમેશા યાદ આવશે.

SGVP સંસ્થાનના મુખપત્ર 'ગુરુકુલ દર્શન'ના આ ૨૦૨૪ના વર્ષના પ્રથમ અંકમાં પૂજ્ય પુરાણી સ્વામીનાં પુણ્ય સ્મરણમાં ઉજવાયેલ સ્મૃતિ મહોત્સવના કેટલાક સંભારણાઓને આપણે વાગોળીએ.

તારીખ ૨૭-૧૨-૨૦૨૩

મહોત્સવના પ્રારંભે પ્રાતઃકાળે પંચામૃત સત્કાર્યની પિઠીકાથી થયો.
પરમ પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય ભાણદેવજી, સંતો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિવિધ પંચદિનાત્મક સોપાનોનો સુભારંભ થયો.

૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ

વહેલી સવારે ચોઘડિયાં વાગ્યા, ઢોલ-શરણાઈનાં સૂર વહેતા થયા. મહોત્સવના પ્રારંભનો થનગનાટ હતો. સર્વત્ર હર્ષ-ઉલ્લાસ હતો. પ્રારંભે અરણીકાષ્ઠનાં મંથન દ્વારા અગ્નિનારાયણનું પ્રાગટ્ય થયું. ધામધૂમથી અગ્નિનારાયણ યજ્ઞશાળા પધાર્યા. અનેક સંતો-ભક્તોની હાજરીમાં દિવ્યતાસભર વતાવરણ સાથે ૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો.

પંચદિનાત્મક મહાવિષ્ણુયાગમાં પંદરસો ઉપરાંત પરિવારોએ સાથે મળી જનમગંલ નામાવલી, સર્વમંગલ નામાવલી, વિષ્ણુસહસ્ત્ર નામાવલી, પુરુષસૂક્ત, શ્રીસૂક્ત વગેરે દ્વારા લાખોની સંખ્યામાં આહુતિઓ આપી. 'સ્વાહા'કારના ઘોષથી કેમ્પસ ગૂંજતું રહ્યું.

નિત્ય પ્રાતઃકાળે પૂજ્ય સ્વામી તથા સંતોની ઉપસ્થિતિમાં સૂર્યપૂજન તથા સૂર્યાર્ઘ્યની વિધિનો લ્હાવો અલૌકિક હતો.

વૈદિક વિધિથી પૂર્ણ થયેલા મહાયજ્ઞમાં ભગવાન શ્રીહરિની પ્રસન્નતા સૌની ઉપર વરસી રહી. પૂજ્ય પુરાણી સ્વામીની ભૌતિક ગેરહાજરી હોવા છતાં આ સમયે સૌને સ્વામીની દિવ્ય ઉપસ્થિતિ વરતાઈ રહી હતી.

યજ્ઞશાળાની સંપૂર્ણ વ્યવસ્થા સંતોની દેખરેખ નીચે આચાર્યો, ઋષિકુમારો, સ્વયંસેવકોએ સંભાળી હતી.

સ્વામિનારાયણ મહામંત્ર ધૂન

તા. ૨૭ થી ૩૧ દરમિયાન પંચદિનાત્મક અખંડ ધૂનનો પ્રારંભ મંત્રકુટિરમાં થયો. ઉત્સવમાં પધારાનારા સંતો-ભક્તો દ્વારા રાત્રિ-દિવસ અખંડ ધૂનનો પ્રવાહ વહેતો રહ્યો. ખાસ કરીને ખાખરિયા પ્રદેશના ભક્તોએ વિશેષ ઉપસ્થિત રહી અખંડ ધૂનનો અનોખો લાભ લીધો. આ જપયજ્ઞમાં અનેક ભક્તોએ સ્વામિનારાયણ મહામંત્રના ઘોષથી કેમ્પસનાં વાતાવરણમાં દિવ્યતાનો સંચાર કર્યો.

ગૌપૂજન

તેત્રીસ કોટી દેવતાઓનો જેમાં નિવાસ છે એ ગાય માતા આપણી સંસ્કૃતિની ધરોહર છે. ગાયોની સેવા અને પંચગવ્યનું સેવન આધ્યાત્મિક ઉન્નતિમાં ખૂબ સહયોગી છે. માટે જ ગાયોના પૂજન સાથે સર્વ શુભ કાર્યોની શરૂઆત થાય છે. મહોત્સવ દરમિયાન ગૌમાતાનું પૂજન કરી સર્વ સંતો-ભક્તોએ ધન્યતા અનુભવી. મહોત્સવમાં પધારનારા દરેક ભક્તોએ પાંચ દિવસ સુધી ગૌપૂજનનો લાભ લીધો.

સર્વ રોગ નિદાન કેમ્પ

પૂજ્ય જોગી સ્વામી SGVP હોલિસ્ટીક હોસ્પિટલ દ્વારા મહોત્સવ દરમિયાન નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ તથા રક્તદાન કેમ્પનું આયોજન થયું. જેનો સુભારંભ પૂજ્ય સ્વામીજી, સંતો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયો. આ કેમ્પમાં ૧૫૦૦ ઉપરાંત ભક્તોએ પ્રારંભિક તપાસ તથા સારવારનો લાભ લીધો. બ્લડ ડોનેશન કેમ્પમાં ૪૫૦ ઉપરાંત ભક્તોએ બ્લડ ડોનેટ કર્યું.

પ્રાકૃતિક ખેતી પ્રદર્શન

કૃષી સંસ્કૃતિને વરેલા ભારતવર્ષના ખેડૂત ભાઈઓને કૃષિજ્ઞાન સમૃદ્ધિ કરાવતા, પાકૃતિક ખેતી તથા ગૌ આધારિત અનેક પ્રોડક્ટને પ્રોત્સાહિત કરનારા કૃષિ પ્રદર્શનનો શુભારંભ સંતોના હસ્તો થયો. આ પ્રદર્શનમાં ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોએ પોતપોતાની સિદ્ધિઓનું નિદર્શન કર્યું હતું. અનેક ભક્તોએ આ પ્રદર્શનને નિહાળી પ્રેરણા મેળવી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.

મારું જળ, મારા મહારાજનો અભિષેક

ભવ્ય-દિવ્ય કળશયાત્રા

ગરવી ગુજરાતના ગૌરવ સમાન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અભુતપૂર્વ કહી શકાય તેવી કળશયાત્રાનું આયોજન મહોત્સવ પ્રારંભે થયું. સાત હજારથી વધારે મહિલા ભક્તોના મસ્તકે શોભતા જળકળશોની અનોખી, અદ્‌ભુત, અજોડ, અવિસ્મરણીય અને અકલ્પનીય કળશયાત્રા તથા ભવ્ય શોભાયાત્રા (પોથીયાત્રા) મહોત્સવનું અદ્‌કેરું આકર્ષણ રહ્યું.

અમદાવાદ તથા ગુજરાતના ગામોગામથી પવિત્ર જળ લઈને બહેનોભક્તો ઉમટી પડ્યા. આ યાત્રામાં વિશ્વના પંદરથી વધુ દેશોના જળની સાથે ભારતવર્ષના પવિત્ર તીર્થજળ, અનેક નદીઓ, સાત સમુદ્ર, પ્રખ્યાત પંચ સરોવર, સપ્તપુરી, ઉપરાંત ભગવાન શ્રીસ્વામિનારાયણનાં તીર્થાટનથી પાવન થયેલ અનેક વાવ, તળાવ, કૂવા, સરોવર, સમુદ્રોનાં દિવ્ય જળ સામેલ થયા. જળયાત્રાના પ્રારંભે પ્રથમ બહેનો અને પછી ભાઈઓ જોડાયા. આ અદ્‌ભુત યાત્રાના નજારાનું દર્શન કરવા એસ.જી. હાઈવે ઉપર જાણે વાહનો થંભી ગયા. આ ભવ્ય યાત્રાની નોંધ વિશ્વફલક ઉપર લેવાઈ. આ જળયાત્રાને **WORLD BOOK RECORD, LONDON** દ્વારા **MOST PEOPLE HOLY WATER YATRA** સર્ટિફીકેટ અર્પણ કરવામાં આવ્યું.

મહોત્સવનું ભવ્ય ઉદ્ઘાટન

સભામંડપના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર અગિયાર ડ્રોન સજ્જ હતા. સદ્‌ગુરુઓ તથા મહાનુભાવોએ એ ડ્રોનને કમાંડ આપી ગગનગામી કર્યા અને જયનાદ સાથે પ્રવેશદ્વાર ખુલ્લો મૂકાયો. મંચ પર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધામધામથી પધારેલ સંતો, ભારતવર્ષની પવિત્ર પીઠોથી પધારેલા સનાતન ધર્મના ધર્માચાર્યો, અનેક સમાજ શ્રેષ્ઠીઓ તથા યજમાનશ્રીઓની ઉપસ્થિતિ સાથે મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું. મંચ પરના ત્રણ વિશાળ દ્વાર રીમોટથી જ્યારે ખુલ્લા મૂકાયા, ત્યારે ઓટોમેટીકલી અનુક્રમે ડાબી બાજુના દ્વારમાથી શ્રીલક્ષ્મીનારાયણદેવ, જમણી બાજુના દ્વારમાંથી શ્રીગોપીનાથજી મહારાજ તથા મધ્યસ્થ દ્વારથી માણકીએ અસવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ મલકતાં મુખે અને કૃપા વરસાવતા મંચ ઉપર પધાર્યા. આ સમયે સંગીતની સુરાવલીઓ અને નૃત્યના નવલા નજારાથી અક્ષરધામ પૃથ્વી ઉપર ઊતરી આવ્યાની અનુભૂતિ થઈ. મંચસ્થ સંતોએ મહારાજને પુષ્પવૃષ્ટિથી વધાવ્યા. સંતો-મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય થયું અને મહોત્સવનો પ્રારંભ થયો.

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, વડતાલ : પૂજ્ય પુરાણી સ્વામી અખંડ યજ્ઞાનુષ્ઠાનપરાયણ સંત હતા. તેઓએ સંપ્રદાયમાં યજ્ઞની ખૂબ મોટી સેવા કરી છે. તેઓ નિર્મળ, નિખાલસ સંત હતા. તેઓ ગોપીનાથજી મહારાજને સદાય હૃદયમાં ધારીને રાખતા. પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી સમસ્ત હિન્દુ સમાજના ઉત્થાન માટે અવિરત કાર્ય કરી રહ્યા છે, તેઓ સંપ્રદાયના મતને સ્પષ્ટ રીતે રજૂ કરી રહ્યા છે. પૂજ્ય સ્વામી લિખિત સદ્‌ગુરુ ગાથાનું શ્રવણ કરવું અલૌકિક લાવો છે. પુરાણી બાલકૃષ્ણ સ્વામી સત્સંગની મા સમાન છે. તમામ સંતો-ભક્તોને અંતરના ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

રાજ્યપાલશ્રીનું આગમન

મહોત્સવના દ્વિતીય દિવસનો પ્રારંભ સદ્‌ગુરુ ગાથા વ્યાખ્યાનમાળાથી થયો હતો. પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી તથા પૂજ્ય સ્વામીજીએ સદ્‌ગુરુઓની કથાઓનું શ્રવણ કરાવ્યું હતું.

ખાસ આજરોજ ગુરુકુલ અને કૃષિ સંસ્કૃતિને વરેલા ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજી મહોત્સવમાં પધાર્યા હતા. ગૌ-કૃષિ પ્રદર્શની નિહાળી સ્ટેજ ઉપર આગમન થયા. નૃત્ય દ્વારા વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું. પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુજરાતમાં રાજ્યપાલશ્રી દ્વારા થતા પ્રાકૃતિક ખેતી અને ગૌસંવર્ધનના કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે આદરણીય શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા (શિક્ષામંત્રી) ઉપસ્થિત રહ્યા હતા. પ્રસિદ્ધ હાસ્યકલાકાર અને સમાજ સેવક ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા લખાયેલ 'સદાચારનું સરનામું એટલે શિક્ષાપત્રી' ગ્રંથનું વિમોચન થયું હતું.

આદરણીય મહામહિમ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજી



આજ હમ સબ કે લિએ સૌભાગ્ય કી બાત હૈ કિ ગુરુકુલ પરંપરા કો પુનર્જીવિત કરને વાલે શાસ્ત્રીજી મહારાજને ૧૯૪૮ મેં રાજકોટ મેં પહલા ગુરુકુલ સ્થાપિત કિયા ઔર ઉસી પરંપરા કો આગે બઢ઼ાને કે લિએ અપના પૂરા જીવન જીસને સમર્પિત કર દિયા એસે પુરાણી સ્વામી કો શત શત વંદન। ઇસ સંસાર મેં જિંદા વો નહીં હૈ જો ૫-૬ ફીટ કા હો। જિંદા વો હૈ જો અચ્છે કર્મ કે દ્વારા લોગોં કે માનસ ઔર હૃદય મેં સ્થાન બનાકર રહતે હૈં। ઐસા થા પુરાણી સ્વામી કા જીવન। જો મન મેં હો વો વાણી મેં હો, વહી કર્મ મેં। ઐસા હી જીવન પુરાણી સ્વામિ ને જિયા। આજ મૈં ગુરુવર્ય શ્રી માધવપ્રિય સ્વામી ઔર બાલ સ્વામી કો હજારો વંદન કરતા હૂં। એસજીવીપી પરિસર મેં બડ़े-બડ़े યજ્ઞ હોતે રહે હૈં। યહાઁ વેદ હૈં, ધાર્મિક ચર્ચા હોતી હૈ, નિર્વસની અભિયાન, ગૌમાતા સંવર્ધન, પ્રાકૃતિક કૃષિ જૈસે કઈ સેવાકાર્યકો ઇસ સંસ્થા સે બઢ़ાવા મિલ રહા હૈ।

શ્રી પ્રફુલભાઇ પાનસેરિયા - શિક્ષણમંત્રી

SGVP કેમ્પસમાં સંસ્કૃત અને સંસ્કૃતિનો સમન્વય સ્થાપી સંસ્કૃતિ બચાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. સંતોએ પોતે સળગીને, કર્મફળને ત્યાગીને સમાજને માટે જીવન આપ્યા છે એ સમર્પણને હું વંદન કરું છું. હું સ્વામીજીના સત્સંગના કાર્યોમાં ખૂબજ નિષ્ઠાથી વર્ષોથી જોડાયેલો છું. રાજસત્તાની ઉપર ધર્મસત્તા છે. રાજા જ્યારે યુદ્ધમાં જાય છે ત્યારે તે ઋષિના આશીર્વાદ લઈને પછી યુદ્ધારંભ કરે છે. મને આ સંતોના હરહંમેશ આશીર્વાદ મળતા રહ્યા છે.

શહીદ પરિવારના બાળકોનું સન્માન

SGVP કેમ્પસમાં ભગવદ્‌ભક્તિની સાથે સાથે દેશભક્તિના નાદ પણ અવિરત ગુંજતા રહે છે. દર વર્ષે રાષ્ટ્રભક્તિને પોષણ આપતા અનેક કાર્યક્રમો થતા રહે છે. જેમાં શહીદ પરિવારોને સન્માનિત કરવાનો અવસર દર વર્ષે આવે છે. મહોત્સવ દરમિયાન સદ્‌ગુરુ સંતોના હસ્તે શહીદ પરિવારના બાળકોનું સન્માન કરી વિદ્યાસહાય અર્પણ કરાઈ હતી.

કશળયાત્રાને મળ્યો એવોર્ડ

દેશ-વિદેશના એક હજાર ઉપરાંત તીર્થોના જળથી ભરેલા કળશોની નીકળેલી જળયાત્રાને WORLD BOOK RECORD, LONDON દ્વારા MOST PEOPLE HOLY WATER YATRA સર્ટિફીકેટ અર્પણ કરાયું હતું. પૂજ્ય સ્વામીજીએ આ સર્ટીફીકેટ કલશયાત્રામાં જોડાયેલા બહેનોની ભક્તિ અને શ્રદ્ધાને અર્પણ કર્યો હતો.

સાહિત્ય સમારોહ-ગ્રંથ વિમોચન

મહોત્સવ ઉપક્રમે ગુજરાતી સાહિત્યના સાહિત્યકારોના વિશેષ સન્માન માટે સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીની અધ્યક્ષતામાં ગુજરાતના પ્રખર ચિંતક અને લેખક પૂજનીય ભાણદેવજીના અગિયાર ગ્રંથોનું વિમોચન થયું. આ ઉપરાંત સંસ્થા દ્વારા સુભાષિત શ્લોકમાલા, સંત ચરિતમ્ (ભાગ-૧), ધર્મજીવન ગાથા-૩ ઓડિયો આલ્બમ તથા નંદ સંતો વિરચિત કીર્તનોની ઓડિયો આલ્બમ હર હર ગોપીનાથનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકારો શ્રી હર્ષદભાઈ ત્રિવેદી (પ્રમુખશ્રી સાહિત્ય પરિષદ), શ્રી ભાગ્યેશ ઝા (પ્રમુખશ્રી સાહિત્ય અકાદમી) શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, શ્રી રમાશંકર દુબે (કુલપતિશ્રી સેન્ટ્રલ યુનિ.), શ્રી વિષ્ણુભાઈ પંડ્યા (પદ્મશ્રી), શ્રી માધવ રામાનુજ, શ્રી સુધીરભાઈ (વરિષ્ટ પત્રકાર), શ્રી મોહનભાઈ પરમાર, શ્રી રાઘવજી માધડ, શ્રી કેશુભાઇ દેસાઈ, શ્રી રાજેન્દ્ર શુક્લ, શ્રી તીર્થદાન રોહડિયા, શ્રી જયેન્દ્રસિંહજી જાદવ, શ્રી વિજય પંડ્યા, શ્રી જોરાવરસિંહ જાદવ (પદ્મશ્રી), શ્રી કૃષ્ણ દવે, શ્રી યોગેશ જોષી, શ્રી હર્ષદેવ માધવ, શ્રી સતીષ વ્યાસ, શ્રી ભગવાનદાસ પટેલ, શ્રી ભાવેશ ભટ્ટ, શ્રી હરદ્વાર ગોસ્વામી, શ્રી ધ્વનીલ પારેખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ તમામ સરસ્વતીના સાધકોનું હૃદયના ઉમળકાથી સ્વાગત કર્યું હતું.

આદરણીય શ્રી ભાગ્યેશભાઈ ઝા, પ્રમુખશ્રી, ગુજરાતી સાહિત્ય અકાદમી

પુરાણી સ્વામી સ્મૃતિ મહોત્સમાં આજે સંધ્યાકાળે સરસ્વતીનું પૂજન-સ્મરણનો અવસર ઉપસ્થિત થયો છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી તો સરસ્વતીના મોટા પુત્ર છે. ચાર હજાર પાનાનો મહાન ધર્મજીવન ગાથા ગ્રંથ એમણે લખ્યો એ નાની ઉપલબ્ધિ નથી. સામાન્ય રીતે સંતો ખડખડાટ હસતા નથી કે હસી શકતા નથી, પરંતુ પૂજ્ય સ્વામીજી ખડખડાટ હસી શકે છે એ એમની વિશેષતા છે.

આદરણીય શ્રી હર્ષદભાઈ ત્રિવેદી - પ્રમુખશ્રી, ગુજરાત સાહિત્ય પરિષદ

માધવપ્રિય સ્વામી સમન્વયના સંત છે. એમની સાંનિધ્યમાં આ સાહિત્યકારોની ઉપસ્થિતિ એ જ મોટો સમન્વય છે. આ સ્મૃતિ મહોત્સવ સમન્વયનો મહોત્સવ છે. વૈમનસ્ય ઓછું થાય અને સુહૃદભાવ વધે જ સાચો સંદેશ. છેવટે પ્રેમનો સંદેશો ભારત જ દુનિયાને આપશે. ગુરુકુલ જેવી સંસ્થા અને માધવપ્રિય સ્વામી જેવા સંતો-મહંતો-આચાર્યો જ આ કાર્ય કરી શકશે.

નૂતન પ્રકાશન

સદાચારનું સરનામું
શિક્ષાપત્રી

શિક્ષાપત્રીનું આધુનિક દૃષ્ટિએ વિષય-વિવરણ



શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહેલા ધર્મોનું સુંદર પંદર મુદ્દાઓમાં સંકલન. જૈન, બૌદ્ધ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મોની સાથે શિત્રાપત્રીમાં દર્શાવેલ ધર્મોની સુંદર છણાવટ સાહિત્યકાર અને હાસ્યકાર ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા કરવામાં આવી છે.

નૂતન પ્રકાશન

સુભાષિત
શ્લોકમાલા

શ્લોક-સુભાષિત-મંત્રોનો અનુવાદ તથા ભાવાર્થ



સંકલન : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

નોંધ : પરમ પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી જ્યારે અભ્યાસ કરતા એ સમયે તથા ગુરુદેવ વગેરે સંતોના મુખેથી શ્રવણ કરેલા અને વાંચેલા શ્લોકોનો સંગ્રહ કરેલો. એ ડાયરીમાંથી કેટલાક શ્લોકો તથા સુભાષિતોનું આ ગ્રંથમાં સંકલન કર્યું છે.

નૂતન પ્રકાશન

સંત ચરિતમ્
(ભાગ-૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન નંદ સંતોના જીવન-કવન



સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે સંતોના રસાળ શૈલીમાં વિસ્તૃત જીવન ચરિત્ર.

હર હર ગોપીનાથ ઓડિયો આલ્બમ

નંદ સંતો દ્વારા રચાયેલા વિવિધ ઢાળ અને પ્રાચીન રાગો જળવાઈ રહે તે હેતુથી મુંબઈ નિવાસી ડો. ચિંતનના કંઠે મૂળ રાગોમાં ગવાયેલા નંદ સંતોના પદોનું આલ્બમ.

ધર્મજીવન ગાથા ભાગ-૩ (ઓડિયો)

પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જીવન ગાથાના ભાગ-૩નું ઓડિયો આલ્બમ.

પઠન - તુષાર જોષી

સહસ્ત્ર કળશ મહાભિષેક તા. ૨૯/૧૨/૨૦૨૩

'મારું જળ, મારા મહારાજનો અભિષેક.' ઘરે ઘરે, ગામે ગામે એક અનોખી ભક્તિની ભાગીરથી વહી. સંતો, ભક્તો, બહેનોભક્તોના હૃદયમાં એક જ તાન હતું, મારે મારા મહારાજનો અભિષેક મારાં જળથી કરવો છે. છેલ્લા છ મહિનાથી ભારતવર્ષના તીર્થો, નદીઓ, સમુદ્રો, દેશ-વિદેશની નદી-સમુદ્ર વગેરે એક હજારથી વધારે તીર્થોના જળ એકત્ર થયાં. દર્શનમ્ સંસ્કૃત સંસ્થાનના ડાયરેક્ટર શ્રી રામપ્રિયજીના માર્ગદર્શન સાથે વૈદિક વિધિથી એક હજાર કળશોનું સ્થાપન-પૂજન થયું. તીર્થજળની સાથે વિવિધ તેલ, ઘી, ગોળ, મધના કળશોની ત્રણ દિવસ આરાધના થયા બાદ મહારાજના ભવ્ય અભિષેકનો પ્રારંભ થયો.

એક એક સ્થાપનનાં કળશોથી અભિષેક થયા બાદ મહારાજનું ષોડશોપચાર પૂજન, ફરી અભિષેક. આ રીતે તેર અભિષેક થયા. સદ્‌ગુરુ સંતો, પંડિતો, ભક્તો, ઋષિકુમારોએ સાથે મળી આઠ કલાક સુધી અભિષેકનો એનોખો લાભ લીધો. ભક્તિથી ભરેલી અને ક્યારેય ન વિસરી શકાય એવી એલૌકિક વિધિના દર્શન કરી ઉપસ્થિત સૌ કોઈ ધન્ય થયા. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને અંતરમાં ઊતારી, કાયમી સંભારણું બની ગયું.

સમગ્ર ભારતવર્ષ તથા દેશ-વિદેશની ૧૦૦૦ ઉપરાંત નદીઓ- તીર્થોના જળથી વેદોક્ત પૂજન-વિધિ દ્વારા ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના ભવ્ય-દિવ્ય સહસ્ત્ર કળશ મહાભિષેકની નોંધ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે લીધી અને SGVP ગુરુકુલને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અર્પણ કરાયો. પૂજ્ય સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં સર્ટીફિકેટ અપાયું ત્યારે સૌએ આ અનોખી ઉપલબ્ધીને વધાવી લીધી હતી.

‘મોહનથી માધવ’ ગ્રંથ વિમોચન

સ્મૃતિ મહોત્સવમાં ચતુર્થ દિવસે તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ભારતના ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા ગણમાન્ય ધર્માચાર્યોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી તથા બાલકૃષ્ણદાસજીએ આદરણીય અમિતભાઈ શાહજીનું વિશેષ સન્માન કર્યું હતું અને એમના દ્વારા ભારતમાતાની સેવા માટે થયેલાં કાર્યોને બિરદાવ્યા હતા.

વિશેષમાં રાજકોટથી પ્રગટ થતું પ્રખ્યાત દૈનિક ફૂલછાબના પૂર્વ તંત્રી તથા લેખક અને ચિંતક આદરણીય કૌશિકભાઈ મહેતા દ્વારા પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના જીવન તથા સેવાકાર્યો વિષે ખૂબ વિસ્તારથી લેખન થયું. જેને ગ્રંથ સ્વરુપે ‘મોહનથી માધવ’ નામ અપાયું. આ અનોખા ગ્રંથનું વિમોચન આદરણીય અમિતભાઈ તથા ઉપસ્થિત ધર્માચાર્યો પરમ પૂજ્ય જૂના અખાડા પીઠાધીશ્વર અવધેશાનંદજી મહારાજ, પરમ પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, ઋષિકેષથી પધારેલા શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ, ભીખ્ખુ સંઘસેનાજી મહારાજ - લદ્દાખ વગેરે મહાપુરુષોના હસ્તે થયું હતું. પરમ પૂજ્ય માધવપ્રિયદાસજીના જીવન વિષેના ગ્રંથનું પ્રકાશન ગુજરાતના જાણીતા પ્રકાશક ‘K Book’ - યોગેશ ચોલેરા દ્વારા કરવામાં આવ્યું છે.



આ સાધુ અનોખા છે !

છ-એક મહિનાના બાળકની ચપટીક નિર્દોષતા લો,
નરસિંહ મહેતાના થોડા શબ્દો લો,
ગાંધીજીની મુઠ્ઠી ભરી સાદગી લો,
રામકૃષ્ણદેવની ખોબો ભરી ભક્તિ લો,
કબીરની ટોપલી ભરી મસ્તી લો,
શંકરાચાર્યની ઢગલો-એક વિદ્વતા લો;
અને જે ઘાટ ઘડાય એને
શાસ્ત્રી માધવપ્રિયદાસ નામ આપી શકાય...
આ પુસ્તકમાં એક સંતની સફરના
કેટલાંક પ્રતિબિંબો ઝીલવામાં આવ્યા છે.











માનનીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ

આજે મને મારા ઘરે આવવાનો આનંદ છે. SGVP અમારું ઘર છે. અહીં આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઘણીવાર કાર્યશાળાઓ કરી છે. કારણે કે અહીં પવિત્ર વાતાવરણ છે. અહીં અમને દિવ્ય ઉર્જા પ્રાપ્ત થાય છે. અહીં અમે દેશભક્તિ અને સદાચારના પાઠ ભણ્યા છીએ. જ્યારથી રાજકારણમાં પ્રવેશ કર્યો છે ત્યારથી પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદ મારા ઉપર રહ્યા છે.

સ્વામી માધવપ્રિયદાસજી અને બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુકુલ પંરપરા દ્વારા દેશ અને દુનિયાને પ્રેરણા તથા માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આ ગુરુકુલ રાષ્ટ્રભક્તિ, આધ્યાત્મિકતા અને આધુનિક શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં સંસ્કાર, સદાચાર, નિતિમત્તા, સંસ્કૃત તથા ખેલકૂદનો સુચારુ સમન્વય થયો છે. અહીં તૈયાર થનારા વિદ્યાર્થીઓ દેશભક્તિ અને સદ્‌ગુણોથી કેળવાઈને દેશની સેવામાં જોડાય છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા જે સેવાકાર્યો થઈ રહ્યા છે એ ખરેખર સરાહનીય છે. આજે આખો દેશ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થતા સેવાકાર્યોનો લાભ લઈ રહ્યો છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો શુભ સંદેશ

सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

સંદેશ

સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમના પાયારૂપ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની પાવન યાદમાં સ્મૃતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે આનંદની વાત છે.

ગઢડામાં ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં ત્યાગ અને સેવાની ભેખ લઈ સ્વામીજીએ આધ્યાત્મિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે યજ્ઞ, અનુષ્ઠાન, જપ-તપ અને ભજન -કીર્તન દ્વારા બહોળા સત્સંગ સમુદાયમાં ધર્મભાવના સંચિત કરી. સ્વામીજીએ કંડારેલી સેવા અને અધ્યાત્મની કેડી સૌને માટે કાયમ માર્ગદર્શન કરતી રહેશે. સ્મૃતિ મહોત્સવ તેમણે કરેલા સદકાર્યોને યાદ કરવાનો અને પ્રેરણા લેવાનો અવસર બની રહેશે.

સમગ્ર આયોજનને શુભકામના.

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૨૭ અગ્રહાયણ, શક સંવત ૧૯૪૫
૧૮ ડિસેમ્બર, ૨૦૨૩

ભારત ભાગ્ય વિધાતા

બ્રહ્માંડની ઉત્પત્તિથી માંડી રામ મંદિરના નિર્માણ સુધીથી ભારતની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિની કથાને ગુરુકુલના વિદ્યાર્થીઓએ સ્ટેજ ઉપરથી દર્શન કરાવીને ઉપસ્થિત સૌને અચંબિત કર્યા. ૬૦૦ ઉપરાંત વિદ્યાર્થી, ૧૦૦૦ સ્ક્વેર ફૂટ એલઈડી, ૨૦૦૦ સ્ક્વેર ફૂટ સ્ટેજ, ૨૦ ટેક્નિશિયન દ્વારા સિનેમોગ્રાફીથી અભિભૂત કરતો અલૌકિક ભારત ભાગ્ય વિધાતા કાર્યક્રમ જ્યારે રજુ થયો ત્યારે સભામંડપ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો. શ્રી સ્વામિનારાય ગુરુકુલ અમદાવાદ, દ્રોણેશ્વર, રાજકોટ તથા છારોડી ગુરુકુલના વિદ્યાર્થીઓએ સાથે મળી આ કાર્યક્રમ રજૂ કર્યો હતો.

મહિલા મંચ

મહોત્સવના પ્રારંભથી અંત સુધી મહિલા ભક્તોની આગેવાની મુખ્ય રહી. વિવિધ આયોજનો તથા સેવાકાર્યોમાં મહિલા ભક્તોના સમર્પણે સૌને પ્રભાવિત કર્યા. એ જ રીતે બે સત્રમાં યોજાયેલ મહિલા મંચમાં પૂજ્ય સાંખ્યયોગી બહેનોની આગેવાની નીચે દ્રોણેશ્વર ગુરુકુલ તથા સત્સંગ મંડળની બાલિકાઓએ ભગવદ્‌ભક્તિ અને દેશભક્તિથી ભરપૂર કાર્યક્રમો રજુ કર્યા. વિવિધ નૃત્યો, નાટકો, સંવાદ વગેરેની પ્રસ્તુતિ નિહાળી ઉપસ્થિત સૌ ભક્તોએ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.





સંત સંમેલન - અભિવાદન સમારોહ

પરમ પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત મહોત્સવ સમસ્ત ભારતીય સંતપરંપરાને વંદન કરવાનો મહોત્સવ હતો. તેથી જ આ મહોત્સવમાં હિન્દુ ધર્મના અનેક આચાર્યોએ પધારી શુભકામનાઓ પાઠવી. ખાસ કરીને મહોત્સવના ચતુર્થ દિવસે સંતસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂના ઉદાસીન અખાડા પીઠાધીશ્વર પરમ પૂજ્ય અવધેશાનંદજી મહારાજને ગાદી આરુઢ થયાને પચીશ વર્ષ પૂર્ણ થતા વિશેષ પૂજન-સન્માન તથા અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિન્દુ ધર્મ આચાર્ય સભાના ધર્માચાર્યો પરમ પૂજ્ય શ્રી પરમાત્માનંદજી મહારાજ (મહામંત્રીશ્રી, હિન્દુ ધર્મ આચાર્ય સભા-રાજકોટ), પરમ પૂજ્ય જગદ્‌ગુરુશ્રી અવિચલદેવાચાર્યજી મહારાજ (કૈવલ્યપીઠ, સારસા), પરમ પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ (મુનિજી, ઋષિકેશ), પરમ પૂજ્ય શ્રી નિર્મળાનંદજી મહારાજ (આદિ ચુનચુનગીરી, કર્ણાટક), પરમ પૂજ્ય ભીખ્ખુ સંઘસેનાજી (સંસ્થાપક, મહાબોધી ઈન્ટરનેશનલ મેડીટેશન સેન્ટર - લદ્દાખ), પરમ પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ (નવતનપુરી ધામ, જામનગર), પરમ પૂજ્ય શ્રી ભાણદેવજી (મોરબી), પરમ પૂજ્ય શ્રી ભાગવત ઋષિજી (ભાગવત વિદ્યાપીઠ, સોલા-અમદાવાદ), પરમ પૂજ્ય શ્રી ભાવિનલાલજી મહારાજ તથા સંપ્રદાયના અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત તમામ ધર્માચાર્યોનું સ્વાગત-પૂજન કર્યું હતું. તથા વિશેષમાં પૂજ્ય અવધેશાનંદજી મહારાજનું સૌએ સાથે મળી વિશેષ પૂજન-અભિવાદન કર્યું હતું.



અંતરાત્મભૂતિ અભિપ્રાય

પરમ પૂજ્ય પીઠાધીશ્વર શ્રી અવધેશાનંદજી મહારાજ, હરિદ્વાર

ગુજરાતની પુણ્યધરા પરાક્રમ, શૌર્યની ધરા છે. દિવ્ય સ્મૃતિ મહોત્સવમાં ભારતના યતિ, સંત, આચાર્ય, તપસ્વીઓના પાવન સાન્નિધ્યમાં પૂજ્ય માધવપ્રિય સ્વામીના સત્સંગમાં પવિત્ર અનુષ્ઠાન થઈ રહ્યું છે. આજે સારાયે સંસારમાં સંસ્કૃતિ તેજીથી આગળ વધી રહી છે. ચારે દિશાઓમાં શાંતિ, સૌહાર્દ, સમૃદ્ધિ, આત્મવિશ્વાસ અલખ જગાવી રહ્યા છે. વર્ષો પહેલા ભારતના ધર્માચાર્યોએ આ જ સ્થાન ઉપર સામૂહિક પ્રાર્થના કરી હતી કે ભારતને એક એવા યશશ્વી વડાપ્રધાન મળે જે ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જાય. આજે એ સ્વપ્ન સાકારિત થઈ રહ્યું છે. આ સ્થાનનો પ્રભાવ ખૂબ મોટો છે. અહીં ભજન, આરાધન થઈ રહ્યા છે તે જોઈને હૃદય હર્ષિત થઈ ઊઠે છે. સ્વામીજીની સરળતાને, ભક્તિને, સાધુતાને વંદન.

પરમ પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, રાજકોટ

શાસ્ત્રીજી મહારાજને પ્રયાગના કિનારે એક સંકલ્પ થયો અને એ સંકલ્પ આજે કેટલું મોટું વટવૃક્ષ બની ગયો. ઈશ્વરની પ્રેરણા સિવાય એને બીજું કાંઈ ન કહી શકાય. પુરુષાર્થ હોય, ઈશ્વર કૃપા હોય અને પુરાણી સ્વામી જેવા તપસ્વી સંત મળી જાય ત્યારે કાર્ય સિદ્ધ જ થાય. દુનિયાભરના સંતોનો મારા પ્રત્યે પ્રેમ અને આત્મીયતા છે, એ પ્રેમની શરૂઆત છારોડીથી થઈ છે. માધવપ્રિય સ્વામીની નમ્રતા મહાન છે. એમનાં મુખે ક્યારેય કોઈની નિંદા નથી સાંભળી.

પરમ પૂજ્ય અવિચલદેવાચાર્યજી મહારાજ, સારસા

અવતારી મહાપુરુષોની સ્મૃતિમાં મહોત્સવ થતા જોયા છે, પરંતુ એક તપસ્વી સંતની સ્મૃતિમાં મહોત્સવ થયો હોય એવું પરોપકારી કાર્ય પૂજ્ય માધવપ્રિય સ્વામીએ કર્યું છે. સંતોના કાર્યોને લીધે જનસમાજ ટકી રહ્યો છે, રાષ્ટ્ર ટકી રહ્યો છે એ વાત જાણવા માટે આવા મહોત્સવો બહુ જ આવશ્યક છે. આજે આખી દુનિયાને ભારત માર્ગદર્શન કરશે, એ વાત બહુ સાચી છે. ભારતભરના બધા સંતો એક સાથે ભેગા થાય છે એવો આ સુવર્ણકાળ છે.

પરમ પૂજ્ય શ્રી ચિદાનંદ સરસ્વતીજી, ઋષિકેશ

મહાપુરુષો આપણી વચ્ચે ન હોય ત્યારે મહિમા સમજાય. પૂજ્ય પુરાણી સ્વામીના આત્માને વંદન. પુરાણી સ્વામી આપણી વચ્ચે રહ્યા. આવા સંતો ક્યારેય જાય નહીં, એ આપણી વચ્ચે જ છે. જ્યાં હિમાલય છે ત્યાં જ શાંતિ છે એવું નથી જ્યાં શાંતિ છે ત્યાં જ હિમાલય છે. આજે ગુજરાતના બે સિંહ દેશને ચલાવી રહ્યા છે. દેશને ચલાવવો હોય તો ગુજરાતી જ જોઈએ. આ સંસ્થા શિક્ષણ, સંસ્કાર, સ્વાસ્થ્ય ની સંસ્થા છે. જેને કાંઈ કામ ન હોય તે ટીકા કરે પરંતુ જેને શ્રદ્ધા હોય તે ટીકા (તિલક) કરે.

પરમ પૂજ્ય પદ્મશ્રી બ્રહ્મેશાનંદજી મહારાજ - ગોવા

સ્વામિનારાયણ પરંપરાનું નેતૃત્વ કરી રહ્યા છે એ માધવપ્રિય સ્વામીની પૂરા વિશ્વમાં જવાબદારી વધી રહી છે. આ ભૂમિ ઉપર આપણે આપણું સ્થાન ઊંચુ સ્થાપિત કરી રહ્યા છીએ. આ ગુરુકુલ એટલે ચાલી રહ્યું છે કે એના મૂળમાં ધર્મમૂલ્યો પડ્યાં છે. ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત, વેદ, સ્મૃતિગ્રંથો ભણાવવા હશે તો સંસ્કૃત ભણવું પડશે. પૂજ્ય માધવપ્રિય સ્વામી એ કાર્ય કરી રહ્યા છે. પૂરા ભારતમાં SGVP ગુરુકુલ શિક્ષાનું કેન્દ્ર બને એ જ શુભકામના.

પરમ પૂજ્ય ભીખુ સંઘસેનાજી મહારાજ, લદ્દાખ



હું પોતાને ભાગ્યશાળી માનું છું કે અહીં આવવાનો અવસર મળ્યો. હું જ્યારે જ્યારે માધવપ્રિય સ્વામીને મળું છું, ત્યારે એમની આધ્યાત્મિક શક્તિનો અનુભવ થાય છે. આવા સંતો સાથે મળીને ધર્મની શક્તિ, દેશની સેવા કરવાનું બળ મળે છે. બુદ્ધિઝમ, હિન્દુઝમ, સિક્ખીઝમ, જૈનિઝમ સાથે મળે છે ત્યારે ભારતની શક્તિ વધી જાય છે. આ સેન્ચ્યુરી એશિયાની સેન્ચ્યુરી છે, આ સેન્ચ્યુરી ઋષિમુનિઝ ઓફ ઈન્ડિયાની સેન્ચ્યુરી છે, આ સેન્ચ્યુરી કર્મયોગી નરેન્દ્ર મોદીજીની સેન્ચ્યુરી છે.

તા. ૩૧/૧૨/૨૦૨૩

મુખ્યમંત્રીશ્રીનું આગમન

મહોત્સવના અંતિમ દિવસે પ્રાતઃકાળે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પોતાની રાજકીય કારકીર્દીના પ્રારંભથી ભુપેન્દ્રભાઈ ગુરુકુલ અને સંતો સાથે જોડાયેલા છે. પૂજ્ય પુરાણી સ્વામીના દર્શન-આશીર્વાદનો ખૂબ લહાવો લીધો છે. એ સર્વ સ્મરણોને યાદ કરી મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય પુરાણી સ્વામીને અંજલી અર્પણ કરી હતી. પૂજ્ય સ્વામીજી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીએ મુખ્યમંત્રીશ્રીના વિકાસના કાર્યને બિરદાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી-ગુજરાત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંસ્કૃતિના જતન પર હંમેશા ભાર મૂક્યો છે. વિદેશ જઈએ ત્યારે શોધતા હોઈએ કે ક્યાંક આપણી સંસ્કૃતિનાં દર્શન થાય. એ સમયે કોઈ હરિભક્ત ત્યાં દેખાય ત્યારે હૃદયમાં સંતોષ થાય. ગુરુકુલમાં અભ્યાસ કરીને લાખો વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં આપણી સંસ્કૃતિનું જતન કરી રહ્યા છે. દરેક વિકસિત દેશમાં જે થઈ શકે એ આજે ભારત દેશ કરી શકે છે, આ ગૌરવની વાત છે. આવા સમયમાં જો સત્સંગના માહોલમાં રહીશું, સંતોના ચરણોમાં બેસીશું, તો જ આપણે વ્યવહારજીવનમાં પડતી મુશ્કેલીઓનો હલ શોધી શકીશું. સંતોનો સંગ અને આશીર્વાદ જ આજના સમયમાં કામ આવશે. ગુરુકુલને અને ગુરુકુલના કાર્યને વંદન કરું છું.



સદ્‌ગુરુ વંદના - સમાપન સમારોહ

૨૦૨૩ના વર્ષનો છેલ્લો દિવસ, તારીખ ૩૧ ડિસેમ્બરની સાંજનું મહોત્સવનું છેલ્લું સેશન 'સદ્‌ગુરુ વંદના' તરીકે ઉજવાયું. પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, અખંડ ભગવદ્‌ પરાયણ પરમ પૂજ્ય જોગી સ્વામી તથા ગુરુકુલના વિકાસમાં જેમનો ખૂબ મોટો ફાળો રહ્યો છે એવા અ.નિ. સંતો-પાર્ષદોના શ્રીચરણોમાં વંદનાની સાથે ગુરુકુલ પરિવાર મંચનો પ્રારંભ થયો. સ્નેહમિલનનાં સ્વરૂપમાં એકત્રિત થયેલા સર્વ પરિવારજનોની ઉપસ્થિતિમાં અ.નિ. પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીનું સહુ સંતો, યજમાનો તથા મહાનુભાવોએ પૂજન કરી ધન્યતાની લાગણી અનુભવી.

પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીએ ગુરુકુલના વિકાસગાથાનું તથા પુરાણી સ્વામીના જીવનનું પાન કરાવ્યું હતું. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ મહોત્સવને સફળ બનાવવા તન-મન-ધનથી સમર્પિત ભક્તોનો આભાર વ્યક્ત કર્યો. અંતે સૌ ભક્તોએ ગીત-સંગીત-નૃત્યના સથવારે આનંદ કરતા થકા મહોત્સવને સંપન્ન કર્યો.

સંતો, અનેક સ્વયંસેવ ભાઈ-બહેનો, દાતાશ્રીઓ અને મહાનુભાવોના સાથ-સહકારથી સ્મૃતિ મહોત્સવ દીપી ઊઠ્યો. શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુઓ હરહંમેશ સાથે રહ્યાનો સૌને અહેસાસ થયો. આમ આ મહોત્સવ ઉપસ્થિત પરિવારજનો માટે સદાય યાદગાર બની રહ્યો.



ધર્માચાર્યશ્રીઓના આશીર્વાદ

પરમ પૂજ્ય શ્રી ભાણદેવજી મહારાજ, મોરબી

હું સાધક જીવ છું. મારા આશ્રમને છોડીને ક્યાંય જવું મને ન ગમે, પરંત આ ગુરુકુલમાં આવું છું ત્યારે આત્મશાંતિ થાય છે. અહીંનાં સાત્વિક અને પવિત્ર વાતાવરણમાં નિખાલસ સંતો સાથે રહેવાનો આનંદ આવે છે. એક હજાર તીર્થજળથી જ્યારે ભગવાનનો અભિષેક થઈ રહ્યો હતો, એનાં દર્શન કરવાનો અને અભિષેક કરવાનો અવસર મળ્યો તેથી મારું અહીં આવવું સાર્થક થઈ ગયું.

પરમ પૂજ્ય કૃષ્ણમણિજી મહારાજ, જામનગર

સ્વામિનારાયણ સંપ્રદાય ગુરુકુળનાં રૂપમાં જીવનને સુંદર બનાવવાનું કામ કરે છે. આરોગ્ય સુરક્ષા માટે યોગ, આયુર્વેદ અને એલોપથીના સમન્વયથી SGVP હોલિસ્ટિક હોસ્પિટલનું નિર્માણ થયું છે. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ધાર્મિક મેળાવડાઓમાં સનાતન હિંદુ ધર્મ માટે પ્રગતિશીલ કાર્યો કરવામાં આવે છે. SGVP સંસ્થાએ અયોધ્યા માટે મોટી રકમ અર્પણ કરી છે, એ ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય છે.

પરમ પૂજ્ય શ્રી ભાવિનલાલજી મહારાજ, ડાકોર

મારી કથામાં જ્યારે સંખ્યા ઓછી થતી ત્યારે પૂજ્ય બાલ સ્વામી મંડળ સાથે આવીને બેસતા. જો બાલ સ્વામી ન હોત તો હું પણ ન હોત. પૂજ્ય પુરાણી સ્વામીની જે નિર્મળતા જોઈ છે એ અદ્‌ભુત હતી. વિદેશમાં પણ જોયું છે કે સ્વામિનારાયણ સંપ્રદાય સનાતનનો મુખ્ય અને મૂળ સ્તંભ છે. જે સેવા ભારતમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થાય છે એવું બીજા કોઈથી નથી થતું. આ સંસ્થાનો હું ઋણી છું. સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મની ધજા વિશ્વમાં ફરકાવે છે અને ફરકાવતો રહેશે.

પરમ પૂજ્ય નૌતમપ્રકાશદાસજી સ્વામી, વડતાલ

પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ શાસ્ત્રીજી મહારાજની સાથે જે નિષ્ઠા, ભક્તિ, સમર્પણથી જીવન વિતાવ્યું એની સ્મૃતિનો આ મહોત્સવ છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી અને પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી સાથે તેમનું અતૂટ જોડાણ હતું. તેઓના નિષ્ઠાપૂર્વકના સેવાકાર્યોના પરિપાકરૂપે આ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. પૂજ્ય માધવપ્રિય સ્વામીના સંકલ્પના બળે આજે સેંકડો ઋષિકુમારો સમગ્ર દેશને પ્રેરણા આપી રહ્યા છે. સ્વામિનારાયણ ભગવાનનો સંદેશ અહીંથી પ્રસરી રહ્યો છે. પૂજ્ય સ્વામી દ્વારા હિન્દુ ધર્મની પરંપરાનું જતન થઈ રહ્યું છે. તેઓ "માઉથ ઓફ શ્રી સ્વામિનારાયણ સેક્ટ" છે.

પરમ પૂજ્ય શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી, જેતપુર

પુરાણી સ્વામી પ્રેમાળ સંત હતા. જ્ઞાનનો ખજાનો હતા. એમની વાત કહેવાની શૈલી રસાળ અને અદ્‌ભુત હતી. ભારતના શાસ્ત્રો અને સંત-કવિઓએ સંતનો મહિમા ખૂબ ગાયો છે. જેટલો મહિમા ભગવાનનો છે, એટલો જ સાધુનો પણ છે. જેના ગુણોથી ભગવાન રાજી થાય એવા પુરાણી સ્વામી થયા. પૂજ્ય માધવપ્રિય સ્વામી અનેક ભાષાઓ જાણે છે, છતાં પણ વિદ્વત્તાનો ભાર નથી.

પરમ પૂજ્ય શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, વડતાલ

પુરાણી સ્વામી અનુષ્ઠાનપ્રિય સંત હતા. સંપ્રદાયમાં ક્યાંય પણ યજ્ઞોના આયોજન થાય, પૂજ્ય પુરાણી સ્વામી એ યજ્ઞમાં સેવા અને માર્ગદર્શન આપે. પુરાણી સ્વામી વક્તા પણ ઉત્તમ હતા. મહારાજનું આબેહૂબ વર્ણન કરતા. સ્વામીની વાણી અમૃત જેવી હતી. પુરાણી સ્વામી જેવા સંતોના દર્શન આપણાં તમામ પાપ બાળે છે.

પૂજ્ય રામકૃષ્ણદાસજી સ્વામી, ધ્રાંગધ્રા ગુરુકુલ

ત્રણ બાબતોને લક્ષમાં રાખવી. યથાર્થ ઓળખાણ, યથાર્થ સ્વીકાર અને યથાર્થ સમર્પણ કરીશું એટલે પુરાણી સ્વામીનો સ્મૃતિ મહોત્સવ રંગચંગે ઉજવાઈ ગયો. પુરાણી સ્વામીની જેમ સેવાભક્તિ કરીશું તો પુરાણી સ્વામી આજે જે ભગવાનની ચરણસેવામાં જોડાયેલા છે, એ ચરણસેવામાં આપણે પણ જોડાઈ શકીશું. ભગવાનનું સહજ સ્વરૂપ ઓળખવા માટે સદ્‌ગુરુ સંતોની નિશ્રામાં રહીએ.

પરમ પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી, કોઠારીશ્રી વડતાલ

સ્વામિનારાયણ સંપ્રદાય આજે સમગ્ર ભારતવર્ષમાં જ નહીં, પૂરા વિશ્વમાં આચાર-વિચારની સ્થાપના કરી રહ્યો છે એમાં સહુથી મોટું યોગદાન ધર્મજીવનદાસજી સ્વામીના શિષ્યો- કહેતા ગુરુકુલ પરિવારનું છે.પૂજ્ય માધવપ્રિય સ્વામી ગુરુકુલના એક પુષ્પ છે. માધવપ્રિય સ્વામીએ સૌથી વધુ સંતોને શિક્ષા પ્રદાન કરવાનું કાર્ય પુરાણી સ્વામીની નિશ્રામાં કર્યું છે. પુરાણી સ્વામીની તળપદી ભાષા, સરળ જીવન અને ભગવાનનાં ચરિત્રોનું વર્ણન કરવાનું દૃશ્ય યાદ આવે, ત્યારે તેમની આંખોમાંથી આંસુની ધાર વહેતી હોય અને આપણને પણ તરબતર કરતા હોય. એવા સંતોનાં ચરણોમાં વંદન.

પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપદાસજી સ્વામી, કોઠારીશ્રી-જૂનાગઢ

શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલ પરંપરાને પુનર્જિવિત કરી છે. પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ શાસ્ત્રીજી મહારાજની સાથે રહી જીવન ધન્ય બનાવ્યું. SGVP સંસ્થાએ કોરોનાકાળમાં કરોડો રૂપિયામાં ન થઈ શકે એવી સેવા હોલિસ્ટિક હોસ્પિટલના માધ્યમથી કરી છે. વિશ્વસ્તરની ધર્માચાર્યોની સમિતિમાં સંપ્રદાયના પ્રતિનિધિ તરીકે પૂજ્ય માધવપ્રિય સ્વામીની જ્યારે પસંદગી થાય, એ આપણા સૌ માટે ગૌરવની વાત છે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી, ગઢપુર

આ માહોલમાં ઉપસ્થિત થવાનો અવસર મળ્યો એટલે હું મને ભાગ્યશાળી માનું છું. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી ગઢડાના ખોળાના સાધુ. પુરાણી સ્વામી ગઢડાના રહ્યા અને અહીંનાય થઈને રહ્યા. ગઢડાના થઈને રહેવા છતાં આજે આ સંસ્થા 'સ્મૃતિ મહોત્સવ' કરે એ વધારે વહાલું લાગે. આ પ્રસંગે ખૂબ જ રાજીપો થાય છે. માધવપ્રિય સ્વામી અને બાલકૃષ્ણ સ્વામીને પુરાણી ભક્તિપ્રકાશદાસજી સ્વામી માટે ખૂબ જ હેત રહ્યું છે એનો દાખલો આ ઉત્સવ છે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી, સરધાર

પૂજ્ય પુરાણી સ્વામીએ અમારા ઉપર ખૂબ રાજીપો દર્શાવ્યો હતો. સરધાર મહોત્સવ સમયે પૂજ્ય પુરાણી સ્વામીએ શ્રી ગોવિંદબાઈ બારસિયા અને બીજા ભક્તોને સરધાર મોકલ્યા અને ૧૦૦૮ કુંડી યજ્ઞ સફળ થયો. પુરાણી સ્વામી અજાતશત્રુ હતા. પૂજ્ય માધવપ્રિય સ્વામીએ દ્રોણેશ્વરમાં જે કાર્ય કર્યું છે એ અજોડ છે. પૂજ્ય સદ્‌ગુરુ હરિસ્વરૂપદાસજી સ્વામી જેવા ઉચ્ચ કક્ષાએ પહોંચેલા વક્તાએ અનેક ભક્તોના જીવન ભગવાનમય બનાવ્યા છે.

પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી, સારંગપુર

આવા પ્રસંગમાં આવવાનું મળે એ આપણું પુણ્ય નથી હોતું, પરમાત્માની કૃપા હોય છે. પુરાણી સ્વામી સંત કેવા હશે, કે જેના સાંનિધ્યમાં હજારો યજ્ઞો થયા. આજે એમની સ્મૃતિમાં આટલા ભક્તો ભેળા થઈ યજ્ઞ કરે એ ભગવાનની જ કૃપા છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી અને બાલકૃષ્ણ સ્વામી સાધુતાએ યુક્ત સંતો છે. એમની છત્રછાયાંમાં રહેવું એ પણ ભગવાનની કૃપાનું ફળ છે.

પરમ પૂજ્ય શુકદેવપ્રસાદદાસજી સ્વામી, નાર

આ સભા કોઈ આડંભર - દંભ વિના ચાલી રહી છે, એનો આનંદ આવી રહ્યો છે. પુરાણી સ્વામી સાથે ૨૪ દિવસ રહેવાનો અવસર મળ્યો હતો. એક સંતનો સંગ એ જીવમાં ભગવાન ભેળવવાનું કાર્ય કરે છે. SGVP સંસ્થા ધાર્મિક, આધ્યાત્મિક અને વ્યાવહારિક છે.

પરમ પૂજ્ય શ્રી નારાયણચરણદાસજી સ્વામી, વ્રજભૂમિ

મને કેન્સર ડિટેક્ટ થયું ત્યારે પુરાણી સ્વામી આશીર્વાદ આપવા માટે આવ્યા હતા. મારી એ અવસ્થામાં મેં સ્વામીનાં જ્યારે દર્શન કર્યાં ત્યારે મને જે અનુભવ થયો એ અલૌકિક હતો. પુરાણી સ્વામી મહારાજ સાથે વાતો કરતા સંત હતા. સ્વામી ગુરુકુલ પરિવારની વેલી બનીને નાણા, માણા અને પાણાના અભાવમાં આ સંસ્થાને પોષણ આપ્યું છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી હાલતું ચાલતું એન્સાઇક્લોપિડીયા છે. પૂજ્ય બાલ સ્વામીનું માતૃત્વથી ભરેલું જીવન છે.

પરમ પૂજ્ય સત્યપ્રકાશદાસજી સ્વામી, હૈદરાબાદ

પૂજ્ય માધવપ્રિય સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી આ ત્રણેયની હૃદયત્રિપુટી છે. ગઢપુરમાંથી નીકળેલી ભાગીરથી અહીં પુરાણી સ્વામી સ્વરૂપે આવી અને આપણા માટે અક્ષરધામના દરવાજા ખુલ્લા કરી આપ્યા છે. પૂજ્ય માધવપ્રિય સ્વામીને કાશીમાં વેદાંત વિદ્યામાર્તંડની ઉપાધિ પ્રાપ્ત થઈ અને કાશીના ૭૮ વિદ્વાનોએ સન્માનપત્રમાં હસ્તાક્ષર કર્યા અને સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન સંપ્રદાય છે એવી માન્યતા આપી દીધી છે. પૂજ્ય સ્વામીએ સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે.

પૂજ્ય ભક્તિજીવનદાસજી સ્વામી- હરિયાળા ગુરુકુલ

ભગવાન સ્વામિનારાયણે શાસ્ત્રોમાં સંતોના જે ગુણ કીધા છે એ ગુણો આ સંતોમાં દેખાઈ રહ્યા છે. આ સંતો સંપ્રદાયને ઉજ્જવળ બનાવી રહ્યા છે. પુરાણી સ્વામીનું જીવન સદાય હસતું અને કપટરહિત રહ્યું છે. આવા સંતો ભગવાન સ્વામિનારાયણે અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ પાસે તૈયાર કરાવ્યા એનું આ ફળ છે. ભગવાને માધવપ્રિય સ્વામીને એવો ગુણ આપ્યો છે કે એને વિદ્વત્તાનું જરા પણ અભિમાન નથી.

પરમ પૂજ્ય હરિજીવનદાસજી સ્વામી, ચેરમેનશ્રી ગઢપુર

પુરાણી સ્વામી ગઢપુરના હતા, અમારા વડીલ હતા, અમારા ગુરુ હતા. ચંદનની જેમ ભગવાનની સેવામાં, પૂજામાં તેમનું જીવન વ્યતીત થયું છે. સ્વામી અજાતશત્રુ હતા. ગોપીનાથજી મહારાજની વર્ષો સુધી ચંદન ઘસીને સેવા કરી છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી આંતરરાષ્ટ્રીય સંત છે, સંપ્રદાયનું ગૌરવ છે. માધવપ્રિય સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયનું નામ દેશ-વિદેશના ધર્મજગતમાં ખૂબ ઊંચુ રાખ્યું છે. તેઓ સતત વિચરણ કરતા સંત છે.

પરમ પૂજ્ય દેવકિશોરદાસજી સ્વામી, જંબુસર

પુરાણી સ્વામી જે બોલે એ થાય એવા પ્રખર સંત. સ્વામી ગઢપુર આવે એટલે આનંદ આનંદ થઈ જાય. ધન્ય ધન્ય એ સંત સુજાણને – એવા સંત હવે ક્યાંથી મળે ! પુરાણી સ્વામી કહે એ કરીએ એટલે મહારાજ આપણા પર રાજી થાય. પુરાણી સ્વામીની જે ભક્તિ, નિષ્ઠા હતી, એ તમામ પ્રકારના ગુણો આપણામાં પણ આવે એવી પ્રાર્થના.

પરમ પૂજ્ય રાધારમણદાસજી સ્વામી, રાજકોટ

નો'તી દીઠી નો'તી સાંભળી એવી પ્રગટાવી રે... ગુરુકુલીન પરંપરા જેમણે પુનર્જિવિત કરી છે. માળા, તાળા અને શાળા અહીં સાકારિત થયા છે. માળા એટલે ભજન, તાળા એટલે ગેરમાન્યતાઓનું ખંડન અને શાળા એટલે સંસ્કૃત અને સંસ્કૃતિનું પોષણ થાય છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયનું આખા વિશ્વમાં પ્રતિનિધિત્વ કરે એવા સંત છે. આવા સરળ સંતને જ્યારે જોઈએ ત્યારે આપણું મસ્તક ઝૂકી જાય. બાલ સ્વામીના ભાવ હૃદયના હોય છે. સારાયે સમાજને જ્ઞાનમાર્ગે દોરનાર પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી અહીં છે.

પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમચરણદાસજી સ્વામી

જ્યારે ગુરુકુલની વાત આવે ત્યારે પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના SGVP ગુરુકુલ સૌપ્રથમ મનમાં આવે. ગુરુકુલો ગમે તેટલા હોય પણ SGVP ગુરુકુલ અજોડ છે. ગુરુકુલ શબ્દની શરૂઆત શાસ્ત્રીજી મહારાજના ગુરુકુલથી થઈ છે. પુરાણી સ્વામીના સદ્‌ગુણોને જાળવી રાખવા એ જ પુરાણી સ્વામીને શ્રદ્ધાંજલિ છે.

આદરણીય શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રિય મંત્રીશ્રી

પૂજ્ય પુરાણી સ્વામીના સંસ્મરણમાં આ મહોત્સવ યોજાયો, એ આપણી પરંપરા છે. સ્મરણાંજલિ આપવાનો આ સુંદર પ્રસંગ છે. **સદ્‌ગુરુ ગંગા સરસ્વતી, જમુના સરયુ સાર, સદ્‌ગુરુ તીરથ દેવતા અધમ ઓધારણ હાર.** આ રચના પૂજ્ય માધવપ્રિય સ્વામીની છે. સ્વામીની રચનાઓ અદ્‌ભુત છે. આપણી આ ઋષિપરંપરામાં પૂજ્ય માધવપ્રિય સ્વામીએ ખૂબ ખેડાણ કર્યું છે. હજું એમની પાસેથી આપણે ખૂબ મેળવવાનું છે. ભારતભૂમિમાં આવા સંતોએ દીવાદાંડી બનીને ભૂલા પડેલા સમાજને સનાતન ધર્મના રસ્તે આગળ વધવા સતત પ્રયત્નો કર્યા છે. આ સંતોના ચરણોમાં કોટિ વંદન.

શ્રી હસમુખભાઈ કાનજીભાઈ ભુડિયા, આફ્રિકા

સમાજ આપણા પિતા છે અને મંદિર આપણી માતા છે. સ્કૂલ, સમાજ, સંસ્થા આપણા ઉછેરનું સૌથી મોટું પરિબળ છે. કચ્છમાં પાણી ખૂબ જ ઓછું છે. એ કારણે જ ઘણા સમય પહેલા દેશ છોડ્યો, પણ સત્સંગ નથી છૂટ્યો. સ્વામી માગી-માગીને ભેગું કરીને આપણને ભણાવે, તો આપણી ફરજ છે કે આપણે મદદરૂપ થઈએ. અમારા દાદા શ્રી કેશુબાપાએ કહ્યું હતું કે તમે જતું કરતા શીખો. રસોડું એક રાખો. મહેનત કરો. આપણે જેટલું કરીએ છીએ એથી દસગણું કરીએ. સંતોના આશીર્વાદ અને મહેનતથી જ આપણે આગળ વધી શકીએ. આપણે વાડા બધા બંધ કરીએ અને એક થઈએ. આજે ગુરુકુલ ન હોય તો ચાલશે નહીં. ગુરુકુલ આપણા મા-બાપ છે.

આદરણીય શ્રી મહેન્દ્રભાઇ મુંજપરા, કેન્દ્રીય આયુષમંત્રી

સ્વામીના આશીર્વાદે મને કેન્દ્રીય મંત્રી બનાવ્યો. મોદી સાહેબે મને આયુષ વિભાગ સંભાળવાનો મોકો આપ્યો. SGVP હોલિસ્ટિક હોસ્પિટલમાં યોગના બધાં જ સાધનો સાઈન્ટિફીક છે. અત્યાર સુધીની આયુષ્યની જેટલી હોસ્પિટલ જોઈ છે એમાંની સર્વશ્રેષ્ઠ સગવડતાવાળી હોસ્પિટલ SGVP હોલિસ્ટિક હોસ્પિટલ છે. અહીંના ડોક્ટરો અસાધ્ય રોગોની સારવાર ખૂબ સરળતાથી કરે છે. મને આવા પવિત્ર વાતાવરણમાં આવવા મળ્યું એ મારું મોટું ભાગ્ય સમજું છું. પૂજ્ય સંતોના આશીર્વાદ હંમેશા મારા ઉપર રહે એવી પ્રાર્થના કરું છું.

આદરણીય શ્રી યોગેન્દ્ર ઉપાધ્યાય, શિક્ષામંત્રી - ઉત્તર પ્રદેશ

ભારતના વિશાળ આંગણમાં મહાપુરુષોની આત્મા ફરી ફરીને આવે છે. આ સ્થાનમાં આવવાનું સ્વપ્ન હંમેશા બની રહે છે. સ્વામીજી મારા ઉપર અપાર સ્નેહ રાખે છે. આપણી સંસ્કૃતિને જેણે જીવંત રાખી છે એ આ સંતો છે. આ સંસ્થાની ભાવનાઓ માનવ જીવન માટે છે. શિક્ષણ અને સ્વાસ્થ્યની રક્ષા આ સંસ્થા કરી રહી છે. મારા માટે આ ક્ષણ રાજનીતિમાંથી બહાર નીકળીને નવો માર્ગ બતાવે છે.

આદરણીય શ્રી જગદીશભાઈ મકવાણા, દંડક-ગુજરાત વિધાનસભા

આપણે જે સ્થાન પર બેઠા છીએ એ સ્થાનના બાવળ કાઢવાનો મોકો મને મળ્યો હતો. ગુરુકુલમાં મળેલા સંસ્કારો અને પુરાણી સ્વામીનો વહાલ, બાલ સ્વામીનો ભાવ ભૂલાતો નથી. સરકારમાં જે જવાબદારીઓ મળી એ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સંતોની જ કૃપા છે. પુરાણી સ્વામીની પાવન સ્મૃતિના મહોત્સવની અંતકાળે યાદ આવી જાય, તો મોક્ષ થઈ જાય.

આદરણીય શ્રી બળવંતભાઇ જાની, સાહિત્યકાર - રાજકોટ

સ્વામિનારાયણ સંપ્રદાય સાથે કિશોરાવસ્થાથી સંબંધ રહ્યો છે. વચનામૃત, નંદ સંતોના સાહિત્ય, શિક્ષાપત્રી વગેરે શાસ્ત્રોમાંથી વેદાંત, શ્રીમદ્ ભાગવત વગેરે શાસ્ત્રોની વાત કઈ રીતે પ્રગટે છે એના વિષે ખૂબ કામ કર્યું. કાશીની બનારસ હિન્દુ યુનિવર્સિટીએ મૂળ સ્વામિનારાયણ મત, વચનામૃતની ભૂમિકા અને વેદાંત દર્શન વિષે સેમિનાર યોજ્યો. એમાં પૂજ્ય સ્વામીજીને વેદાંત વિદ્યા માર્તંડની ઉપાધિ પ્રાપ્ત થઈ. આખા ભારતમાંથી તત્ત્વદર્શનનાં બાર પંડિતો આવેલા. એમણે સ્વામીજીનું જોયા વગરનું, વિદ્વત્તા તથા વિનમ્રતા યુક્ત પ્રવચન પ્રસ્તુત થયું, એથી તેઓ અચંબિત થયા. પૂજ્ય સ્વામીજી જેવા ભક્તિ અને જ્ઞાનને વરેલા સંતોના ચરણોમાં વંદન.

આદરણીય ડો. શ્રી જગદીશભાઈ ત્રિવેદી, હાસ્યકલાકાર તથા સમાજસેવક

કોરોનાના કપરા કાળમાં લોકડાઉનની સ્થિતિમાં વૈશ્વિક આફત કદાચ આપણને કાંઈક વધુ સારું કાર્ય કરવા માટે, માણસને વધુ સારા માણસ બનવા માટેનો એક અવકાશ મળ્યો અને પુસ્તકનો વિચાર આવ્યો. સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય એ પાંચ યમની વાત મનમાં આવી. હિન્દુ ધર્મમાં આ પાંચ યમ વિશે જે કહેવાયું છે તેને શિક્ષાપત્રીમાં યથાર્થ જોયું અને વિસ્તૃત રૂપે કંડારવાની પ્રેરણા પૂજ્ય સ્વામીજી પાસેથી મળી. આ પુસ્તકમાં કુલ પંદર સદાચારના મુદ્દા વિષે સંશોધન, વાંચન, વિચારનો અવસર મળ્યો. પૂજ્ય સ્વામીની સાથે વાર્તાલાપ થયો, શંકાના સમાધાનો આપ્યાં અને પુસ્તક રચનાનું બળ મળ્યું. પૂજ્યહરિસ્વરૂપ સ્વામીએ મારું લખાણ મઠાર્યું અને જગતના ચોકમાં હું વધારે રૂપાળો લાગું એવો અંગુલી નિર્દેશ કર્યા. આ ગ્રંથ પ્રકાશનથી સંતો અને સંસ્થાનો હું ઋણી રહીશ.

સ્વયંસેવકોની સેવા

કોઈ પણ કાર્યની સફળતા પાછળનું મુખ્ય કાર્ય સમર્પિત કાર્યકર્તાઓ હોય છે. ભગવાન શ્રીહરિ, પૂજ્ય પુરાણી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોને રાજી કરવા ગુરુકુલ પરિવારના સ્વયંસેવકોએ ખૂબ સેવાઓ કરી. ભોજનાલય, ઉતારા, સિક્યુરીટી, પાર્કીંગ જેવા નાના-મોટા સેવા વિભાગોમાં સ્વયંસેવકોએ રાત્રિ-દિવસ ભારે સેવાઓ કરી. સ્મૃતિ મહોત્સવની સફળતાનું પૂર્ણ શ્રેય આ તમામ સ્વયંસેવકોની શ્રદ્ધા-ભક્તિ પૂર્વકની સેવાને જાય છે. ભગવાન શ્રીહરિ આ તમામ ભાઈ-બહેનોને ભક્તિનું બળ અર્પે એવી પ્રાર્થના કરીએ છીએ.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી હિરેનભાઈ હેમેન્દ્રભાઈ પટેલ : અમદાવાદ નિવાસી શ્રી હિરેનભાઈ પટેલ તા. ૨૩ નવેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ અને સંતોના સૌના લાડીલા એવા શ્રી હિરેનભાઈના પવિત્ર આત્માને શ્રીજી મહારાજ પોતાનાં ચરણોનું સુખ આપે તથા સુપુત્ર ધ્રુવ, ભાઈ પ્રશાંતભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રવિભાઈ પરેશભાઈ દવે : ગુરુકુલ અને સંતોના સેવક તથા કૃપાપાત્ર પરેશભાઈ દવેના સુપુત્ર રવિભાઈ ૩૦ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. પરેશભાઈ તથા એમનો પરિવાર ખૂબ ઊંચી પોસ્ટ ઉપર હોવા છતાં નિર્માની થઈને સેવા કરી છે. રવિભાઈ યુવાન હોવા છતાં સત્સંગ અને સેવામાં હંમેશાં અગ્રેસર રહ્યા હતા. સત્સંગી અને સંસ્કારી સુપુત્રનો અકાળે અક્ષરવાસ થતા સમસ્ત ગુરુકુલ પરિવાર શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ રવિભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરેશભાઈ તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દેવજીભાઈ લાલજીભાઈ ચૌહાણ : વલસાડ નિવાસી શ્રી દેવજીભાઈ ચૌહાણ તા.૨૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર સંતો તથા સત્સંગની ખૂબ સારી સેવા કરે છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ દેવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર કાંતિલાલ અને મહેન્દ્રભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધીરુભાઈ નારણભાઈ ગોહેલ : જૂનાગઢ નિવાસી શ્રી ધીરુભાઈ ગોહેલ તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. સત્સંગ અને સમાજની સેવા કરીને ધીરુભાઈએ ખૂબ નામના મેળવી હતી. ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યોમાં એમની ખૂબ સેવાઓ રહી હતી. તેઓ જૂનાગઢના મેયર પદે પણ રહ્યા હતા. ભગવાન શ્રીહરિ ધીરુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથી સુપુત્ર તુષારભાઈ, વિવેકભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હરજીભાઈ પ્રેમજીભાઈ કથીરિયા : રાજકોટ નિવાસી શ્રી હરજીભાઈ કથીરિયા તા.૮ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલની સેવાપ્રવૃત્તિ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ શ્રી હરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર રસિકભાઈ, ચંદુભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાંતિલાલ મહજીભાઈ પટેલ :- એમ્બુ નિવાસી શ્રી કાંતિલાલ પટેલ તા. ૩ જાન્યુઆરી૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. કાંતિભાઈ ગુરુકુલ અને સંતોની સેવામાં જોડાયેલા હતા. ભગવાન શ્રી હરિ કાંતિભાઈના આત્માને

પોતાનાં ચરણોનું સુખ આપે અને અણધાર્યા આવેલ દુઃખમાં સુપુત્ર યોગેશભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોવિંદભાઈ માવજીભાઈ પટેલ : છારોડી ગુરુકુલમાં જ નિવાસ કરી વર્ષોથી સમર્પિત ભાવે સેવા કરનારા શ્રી ગોવિંદભાઈ પટેલ તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ગોવિંદભાઈનો આખો પરિવાર ગુરુકુલમાં સમર્પિતભાવે સેવા કરી રહ્યો છે. મહારાજ તથા સંતોની આજ્ઞા એ જ આ પરિવારનું જીવન રહ્યું છે. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ભજન અને સેવામાં રત રહી ગોવિંદભાઈએ પોતાનું જીવન સાર્થક કરી લીધું. ગુરુકુલનાં તીર્થક્ષેત્રમાં શરીર છોડી મહારાજનાં ધામમાં ગયા. ભગવાન શ્રીહરિ ગોવિંદભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર ભાવિનભાઈ, પ્રેરકભાઈ તથા પિયુષ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભવદિપભાઈ દેવરાજભાઈ ગોંડલિયા : મૂળ પાણખાણ નિવાસી શ્રી ભવદિપ ગોંડલિયા તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. સેવક પરિવારના સુપુત્રનું નાની ઉંમરે અક્ષરવાસ થવાથી ગુરુકુલ પરિવાર દુઃખની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ ભવદિપના પવિત્ર આત્માને અક્ષરધામનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિવેકકુમાર પટેલ : યુ.એસ.એ નિવાસી શ્રી વિવેકકુમાર તા. ૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી વિવેકકુમારના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ભાઈ દેવ તથા વિવાન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નારાણભાઈ કરશનજીભાઈ મુરજી : ન્યુઝીલેન્ડ નિવાસી શ્રી નારાણભાઈ તા. ૦૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી નારાણભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભાઈચંદભાઈ ઇશ્વરદાસ ગજ્જર : ગુરુકુલ પરિવારના નિષ્ઠાવાન સેવક પ્રકાશભાઈ ગજ્જરના પિતાશ્રી ભાઈચંદભાઈ તા. ૧૭ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવા અનોખી છે. પ્રકાશભાઈ વર્ષોથી સમર્પિતભાવે સંસ્થા સાથે જોડાયેલા છે. ભગવાન શ્રીહરિ ભાઈચંદભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રકાશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રાજેશભાઈ પોપટભાઈ પટેલ : અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના સેવક રાજેશભાઈ પટેલ તા. ૧૬ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. અમદાવાદ ગુરુકુમાં રાજેશભાઈની ખૂબ સેવાઓ રહી છે. સેવક તરીકે રહી રાજેશભાઈએ સંતો અને મહારાજનો રાજીપો મેળવ્યો હતો. ભગવાન શ્રીહરિ રાજેશભાઈના આત્માને પોતાના સુખે સુખિયા કરે તથા પોપટભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિવેકકુમાર પટેલ : યુ.એસ.એ નિવાસી શ્રી વિવેકકુમાર તા. ૦૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી વિવેકકુમારના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ભાઈ દેવ તથા વિવાન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હંસાબેન રતનભાઈ નાકરાણી : વડનગર નિવાસી શ્રી હંસાબેન તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી હંસાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ હિંમતભાઈ, પરષોત્તમભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુલાબેન ભવાનભાઈ વઘાસિયા : શ્રી મંજુલાબેન વઘાસિયા તા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી મંજુલાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શોભનાબેન દિનેશભાઈ પટેલ : અમેરિકા નિવાસી ડૉ.ધડુકના વેવાઈ શ્રી શોભનાબેન પટેલ ૭૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ શ્રી શોભનાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ જમાઈ દિપક વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

|| આગામી આયોજન ||

તા. ૦૪/૦૨/૨૪, રવિવાર : **સુહૃદસભા : સાંજે ૫:૩૦ કલાકે SGVP, છારોડી**
તા. ૦૬/૦૨/૨૪, મંગળવાર : **ષડ્તિલા એકાદશી**
તા. ૧૪/૦૨/૨૪, બુધવાર : **વસંત પંચમી :** શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ પાટોત્સવ, અભિષેક દર્શન - સવારે ૬:૪૫ કલાકે
તા. ૧૮/૦૨/૨૪, રવિવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૨૦/૦૨/૨૪, મંગળવાર : **જયા એકાદશી**
તા. ૨૬/૦૨/૨૪, સોમવાર : ગુરુદેવ સ્વામીજી મહારાજની ૩૬મી પુણ્ય તિથિ : ગુણાનુવાદ સભા સાંજે - ૬ કલાકે, અમદાવાદ ગુરુકુલ

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP वात्सल्य A HOLISTIC CHILD CARE

sgvpholistichospital.org |

બાળકોના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર

પિડીયાટ્રીક્સ સુપરસ્પેશિયાલિસ્ટ વિભાગ

- **NICU & PICU Unit**
  નિયોનેટલ અને પિડીયાટ્રીક ઈન્ટેન્સીવ કેર યુનિટ
- **Pediatric Cardiology & Surgery**
  (બાળ હૃદયરોગ અને સર્જરી)
- **Pediatric Neurology and Surgery**
  (બાળકોના ચેતાતંત્ર અને મગજને લગતા રોગો)
- **Pediatric General Surgery**
  (બાળરોગ જનરલ સર્જરી)
- **Pediatric Orthopaedic**
  (બાળકોના હાડકાંને લગતા રોગો)
- **Pediatric Gastroenterology**
  (બાળકોના આંતરડાં અને પેટને લગતા રોગો)
- **Pediatric Unit for Congenital Defects**
  (જન્મજાત બાળકોમાં ખોડખાપણ માટે)
- **Pediatric Nephrology**
  (બાળકોમાં કિડનીને લગતા રોગો માટે)
- **Pediatric Endocrinology**
  (બાળકોને હોર્મોન્સને લગતા રોગો)
- **Pediatric Urology**
  (બાળકોના મૂત્રમાર્ગને લગતા રોગો)
- **Pediatric Pulmonology**
  (બાળકોના ફેફસાં અને શ્વાસને લગતા રોગો)
- **Pediatric Allergy and Immunology**
  (બાળકોમાં એલર્જી અને રોગપ્રતિકારક માટે)
- **Pediatric Infectious Disease Care**
  (બાળકોમાં થતા ચેપીરોગો માટે)
- **Pediatric Speech Therapy & Audiology**
  (બાળકોની સ્પીચ થેરાપી અને ઓડિયોલોજી)
- **Pediatric Growth & Developmental Clinic**
  (બાળકોના ગ્રોથ અને ડેવલપમેન્ટ ક્લિનિક)
- **Pediatric Rheumatology**
  (બાળકોને થતો સંધિવા)
- **Pediatric Haematology**
  (બાળકોના લોહીને લગતા રોગો)
- **Physiotherapy and Rehabilitation**
  (બાળ ફિઝીયોથેરાપી અને રિહેબિલિટેશન)
- **Pediatric Lactation Clinic**
  (પિડીયાટ્રીક લેક્ટેશન ક્લિનિક)
- **Vaccine and Immunisation**
  (બાળ રસીકરણ)

આયુષ્માન ભારત (PM- JAY) યોજના અંતર્ગત
બાળ હૃદયરોગની સારવાર વિનામુલ્યે કરી આપવામાં આવશે.

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 95122 00122, 02717 240001

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શ્રીરામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટને SGVP ગુરુકુલ પરિવાર દ્વારા એકાવન લાખ રૂપિયાનો ચેક પૂજ્ય સ્વામીજી તથા ધર્માચાર્યોના હસ્તે વિશ્વ હિન્દુ પરિષદના સભ્યોને અર્પણ કરાયો.

પૂજ્ય પુરાણી સ્વામી સ્મૃતિ મહોત્સવ નિમિત્તે SGVP હોલિસ્ટિક હોસ્પિટલ દ્વારા આયોજિત દિવ્યાંગ સેવાયજ્ઞ - ૨ માં ૧૫૧ દિવ્યાંગોને કૃત્રિમ પગ અર્પણ કરાયા. મહોત્સવ નિમિત્તે કુલ ૪૦૦ ઉપરાંત દિવ્યાંગોને પગ અર્પણ કરવામાં આવ્યા.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–